# ડિગ્રી એન્જિનીયરિંગ-ફાર્મસીના રીશફલિંગમાં ચોઈસ બદલી શકાશે

અમદાવાદ, રવિવાર

ધો. ૧૨ સાયન્સ પછીના અભ્યાસક્રમ ડીગ્રી એન્જીનીયરીંગ અને ફાર્મસીના રીશફલીંગ દરમિયાન વિદ્યાર્થીઓ બ્રાન્ચની ચોઈસ બદલી શકશે. મોક રાઉન્ડ શનિવારે પૂરો થયો હતો. વિદ્યાર્થીને ક્યાં પ્રવેશ મળી શકશે તેનો હંગામી મોક રાઉન્ડ ૧૯મીએ થશે. સામાન્ય થશે.

સામાન્ય રીતે વિદ્યાર્થી-વાલીઓમાં માન્યતા એવી છે કે એકવાર ચોઈસ ભરી દીધા પછી તેને બદલી શકાતી નથી. પરંતુ આ વર્ષથી હવે જે કોલેજમાં જગ્યા ખાલી પડે અને વિદ્યાર્થી જો સંસ્થા તેમજ બ્રાન્ચ બદલવા ઈચ્છતો હોય તો તે બદલી શકશે. આ વર્ષથી જ આવો નિર્ણય કરાયો છે. વિદ્યાર્થીઓને ફાઈનલ પ્રવેશ ૧૦મી જુલાઈએ ફાળવાશે.